ॐ

भवन विरह

અથવા

સિંધ કરાચીના મહાન જ્યોતિષી

પંડિત શ્રી ભવન શર્મા તોલારામ-

ના સ્વર્ગારોહણ વખતે તેમના માનમાં

કરાચી જનસમાજની પ્રેરણાથી

રચેલી કવિતા.

રચનાર

મણિશંકર શર્મા.

પ્રત ૫૦૦.

સને ૧૯૧૧. સં ૧

કરાચી, બંદર રોડ પર આવેલા "મનોહર" પ્રેસમાં
નરભેશંકર જગજીવન દવેએ છાપી.



पंडित भवनशर्मा तुळाराम.

ઉપોદ્‌ઘાત.

વિશ્વમાં આવીને નામના મેળવી મરવું એ બહુ થોડા-ઓના ભાગ્યમાં સરજાએલું હોય છે. નિરોગી દીર્ઘ આયુ, નીતિમાન જીવન, અને પરોપકાર વૃત્તિ જેઓના ચરિતાર્થને દીપાવે છે એવા મહા પુરુષો માનવ શરીર ધારણ કરવા છતાં દેવ પંક્તિમાં ગણવા યોગ્ય છે. પંડિત ભવનશર્મા તોલારામ એ પ્રકારના એક દિવ્ય બુદ્ધિના સજ્જન પુરુષ હતા. સિંધમાં સંસ્કૃત વિદ્યા, કળા, આર્ય આચાર વિચાર કનિષ્ઠ દશામાં હોવા છતાં આવા પવિત્ર આચરણવાળા અનુકરણીય વિદ્વાન પુરુષો પોતાના સદાચારથી આપ્ત જન તથા જન સમાજ ઉપર સારી અસર કરી શકે એ નિર્વિવાદિત છે. સિંધમાં તેઓ જ્યોતિષ વિદ્યાનો એક હીરો હતા અને જન સમાજની પૂર્ણ પ્રીતિ મેળવેલા એક એકમાર્ગી અને નિવૃત્તિપરાયણ અંતઃકરણવાળા આસ્તિક ગૃહસ્થ હોઇને જાહેર સેવામાં સારો હિસ્સો બજાવતા હતા. એઓનો દેહ વિલય થતાં સિંધનો એક મહા પુરુષ ગુમ થતાં જે શોક વસ્તીમાં વ્યાપે તેવોજ શોક આખા સિંધમાં પ્રસરી રહ્યો હતો. વર્તમાનપત્રોમાં તેમના ગુણાનુવાદ કરવામાં આવ્યા હતા અને કરાચીની પ્રજા–મુખ્યત્વે હિંદુ સમાજમાં તેમની ખોટ પડેલી પ્રત્યક્ષ છે. તે પ્રસંગાનુસાર એ સ્વર્ગસ્થ પંડિતશ્રીના ગુણ કીર્તનને આ ગુર્જર કવિતાના

રૂપમાં પ્રસિદ્ધ કરી તેના રચનારાઓએ એઓના માનમાં પોતાનો ઉચ્ચ મનોભાવ માત્ર પ્રકટ કીધો છે. ઇશ્વર એ સ્વર્ગસ્થ આત્માને અખંડ શાન્તિમાં સ્થિત કરો. (તથાસ્તુ.)

ॐ शान्तिः शान्तिः शान्तिः

રચનાર.

ભવન વિરહ.

शार्दूलविक्रीडित.

તોલારામ તનુજ પંડિત વડા જ્યોતિષ વિદ્યા વિષે,
સૌજન્યાર્જવ સિંધુ કાંચીપુરમાં એવા નહિ કો દિસે;
માયાળુ મમતાળુ ભક્તિ ઉરમાં શ્રદ્ધા અતિશે હતી,
તેનો કંઈક વૃત્તાંત આજ કથવા, દેજો પ્રભુ સન્મતિ. ૧.

दोहरा.

પુષ્કરણા જ્ઞાતિ વિષે. પંડિત તોલારામ;
તા ઘર જન્મ્યા પુત્ર થઇ, ભવનમિશ્ર ગુણધામ. ૧.
સંવત અઢાર એંશી નવ, માઘ માસ શ્રીકાર;
સિંધ દેશમાં જનમિયા, શાહબંદર મોઝાર. ૨.

हरिगीत.

સંવત અઢાર નવાણુંમાં, આવ્યા કરાચી શ્હેરમાં,
જ્યોતિષ વિદ્યા પૂર્ણ શીખ્યા. પ્રીત કરીને લ્હેરમાં;
જ્ઞાતિ તણી પ્રીતિ થવા, વળી હિત કરવા જાતિનું,
બ્રહ્મપોળ બંધાવી કરી, ધન એકઠું નિજ જ્ઞાતિનું ૧.
મ્હારાજ કોશાધ્યક્ષ થઇ, હિસાબને સંભાળીઓ,
જ્ઞાતિતણું હિત જાળવી, હિસાબ ચોખ્ખો રાખીઓ;

સિલકે વધારો સર્વદા, કરી લાભ કીધો જાતિને,
અવસાન કાળ નજીક જાણી, સોંપીયું ધન જ્ઞાતિને. ૨.
સમજાવી જ્ઞાતિ બંધુને, સુસંપનાં બી વાવીયાં,
પોતે પ્રતિષ્ઠિત હોઇને, સૌ સજનને સમજાવીયા;
તન મનથી જાતિભોગ આપી, સર્વનું હિત સાચવ્યું,
વિષ્ણુ સ્મરણ ઉપકારમાં, આયુષ્ય નિજ વિતાવિયું. ૩.

भुजंगी छंद.

શુભે સંવતે ઓગણી ચાળી પાંચે,
સુ પંચાંગ કીધું પ્રજા હિત કાજે;
બધા સિંધના ગામમાં માન પામ્યું,
વધી નામના માન સૌ ઠામ જામ્યું. ૧.

कवित.

જ્યોતિષને જાણનારા, પુરાણ સમજનારા,
ભવિષ્ય બતાવનારા, સદગુણી સારા થા,
દઢ શ્રદ્ધા ધરનારા, પ્રભુ સેવા કરનારા,
જ્ઞાતિ હિત ઇચ્છનારા, સત્ય બોલનારા થા.
નિજ ધર્મ પાળનારા, કુટુંબ સંભાળનારા,
સમ દૃષ્ટિ ધરનારા, દિલ પ્રભુ પ્યારા થા,
બહોળા કુટુંબવાળા, ઉંચ જ્ઞાતિ કૂળવાળા,
એવા આ ભવનમિશ્ર, શ્વેત યશવાળા થા. ૧.

नाराच छंद.

સ્વપત્નિની ભવાટવી મુસાફરી પુરી થતાં,
૧૯૩૧
તજી ગઈ સુ સ્વર્ગમાં ઉનીસ એકત્રીસમાં;
અખંડ બ્રહ્મચર્ય પાળીને સ્વધર્મ ધારીઓ,
સુ વાનપ્રસ્થ ધર્મ છત્રિ વર્ષ પૂર્ણ પાળીઓ. ૧.

शार्दूलविक्रीडित.

૧૯૨૭
ઉન્નીસત્યાવીશ સાલ સમયે મુંબઈ પધાર્યા હતા,
ત્યાં રાજા સહુ દેશનાં પ્રથમથી આવી વસેલા હતા;
ખંડેરાવની સાથ મુંબઈ વિષે પ્રીતે મુલાકાત થૈ,
સારી આબરૂ માનપાન મળીયું સારી પ્રતિષ્ઠા થઈ. ૧.

गीतिवृत.

કુટુંબી જનને પ્રીતે, સલાહ સંપથી સાથે સાચવતા;
ઢાંકીને બેઠા'તા, જ્ઞાતિ હિતના સ્થંભરૂપ હતા. ૧.
વિષ્ણુ સ્મરણપર પ્રીતિ, પૂરણ શ્રદ્ધા ભક્તિ હતી તેની;
અરે દૈવ શું કીધું, અમને ખામી ઘણી નડે એની. ૨.
નિજ મૃત્યુ દિન જાણી, વાત કરી સૌ કુટુંબી સજજનને;
વસંતપંચમી વસમી, તા દિન આત્મા તજશે આ તનને. ૩.

જ્ઞાતિનો કલહ મટાડયો.

शिखरिणी छंद.

અરે જ્ઞાતિ બંધુ કલહ તજવો આ સમયમાં,
નથી લેવું દેવું મમત શિદ કરવો ગરવમાં;
સુખેથી સંતોષ્યા સકળ નિજ જ્ઞાતિ સુજનને,
મટાડીને વાંધો સફળ શ્રમ કીધો સુજશ ને. ૧.

शार्दूलविक्रीडित.

આવ્યો દિવસ ચોથનો મહા શુદિ ત્યારે વિચાર્યું મન
પાંચમ વાર શનિદિને તજવું છે બે વાગતે આ તન.
જેથી ધ્યાન પ્રભુ વિષે ધરી કરી એકાગ્રતા ઇશમાં,
ધારી મૌન મુખે તજ્યું શરીરને ચોવિશ કલાકમાં. ૩.

પુત્રો પ્રતિ સદ્બોધ.

वसंततिलका.

પુત્રો ભલા સદ્ગુણી નિજ બંધુ કેરા,
દીધી ભલામણુ ભલી તન મુક્ત વેળા;
સંપી સદાય વસજો કુળને ઉજાળી,
વાંધા વિરોધ તજવા ભજવા મુરારી. ૧.

જ્ઞાતિ વિષે કલહ કોઇ દિને ન કીજે,
દુર્ગુણ દૂર કરી દુર્જનથીજ બીજે;
ચિત્તે વિવેક ધરી સર્વ નિભાવી લીજે,
સત્કીર્તિ સદ્ય મળવા સત કર્મ કીજે. ૨.

दोहरा.

નિજ બંધુનો પુત્ર જે, ડુંગરશી ગુણ ધામ;
તેને સોંપ્યું કામ નિજ, જ્યોતિષ આદિ તમામ. ૩.
જૂઠી માયા જગતની, જૂઠો જાણી દેહ;
પ્રયાણ અચ્યુતપુર કર્યું તજી સર્વનો સ્નેહ. ૪.
૧૯૬૭
સંવત નગ રસ ભક્તિ ભૂ, માઘ માસ શુભ જેહ;
વસંતપંચમી દિન તજ્યો, બે બજતે આ દેહ. ૫.

પુત્રોનો શોક.

शार्दूलविक्रीडित.

શું આ નાટકમાં ધરેલ તુજનો આ વેષ પૂરો થયો,
જ્યોતિ:શાસ્ત્ર કલા તણો સૂરજ આ અસ્તાચળે આથમ્યો;
પુત્રો ઊપરનું મમત્વ પણ આ શું પ્રાણ સાથે ગયું,
શી રીતે સમજાય અંતર વિષે, હે! તાત આ શું થયું! ૪.
શ્રી વૈકુંઠ થકી વિમાન તમને આવ્યું અહિં તેડવા,
શું મેલી સઘળી ઉપાધી સમજી ચાલ્યા સુખી ત્યાં થવા;

પ્હોંચ્યા શું પ્રભુ ધામમાં વૃત વડે ને ભક્તિભાવે કરી,
કોડે કાંઈ થઈ નહિ તમ તણી જાતાં કંઈ ચાકરી ૫.
પૂર્ણ બ્રહ્મ વિચારમાં પ્રથમથી જે પ્રીતિવાળા હતા,
સંસાર વ્યવહારમાં પ્રથમથી જે નીતિવાળા હતા;
પામ્યા આદર દેશ કાલ સમજી જે દેહના ડા'પણે,
જાતાં એ નર રત્ન અંતર તપી પાણી પડે પાંપણે. ૬.
પ્રેમી પૂર્ણ પવિત્ર મિત્ર સહુના નેહી વિદેહી વડા,
જેના સદ્ગુણ સર્વ એક મનથી લોકો વખાણે ઘણા;
તેનો હાય વિયોગ આજ વસમો આવ્યો અમોને અરે,
કર્માધીન બધા જનો જગતમાં ત્યાં સૌ જનો શું કરે!

मालिनिवृत.

હરિ હરિ હરિ આ શું કામ કીધું અકારૂં,
સુખમય હરી લીધું રત્ન આ તેં અમારૂં.
પરમ પુરુષ વિષ્ણુ ભક્તને ખેંચી લીધો,
સજન હૃદયને તેં શું પરિતાપ દીધો. ૧.
અજર અમર આત્મા તેમનો સુખ પામો,
હરિ ચરણ સરોજે વૃત્તિ તેની વિરામો.
સકળ સજન માગે આપની પાસ એવું,
મણિ કવિ પણ માગે આપની પાસ તેવું. ૨.

दोहा.

સંસ્કૃત શાળાના હતા, ખજાનચી મહારાજ;

પગાર બીલ ચુકાવતા, હાજર બીલ થતાંજ. ૬.
પગારની રોકડ કહિ, કરી નહિ પલ વાર;
જ્યાં હો ત્યાં સુખ પામજો, ભવનમિશ્ર કિરતાર. ૭.

વસ્તી તથા જ્ઞાતિનાં વચન.

મનહર છંદ.

જ્યોતિષી ભવનમીશ્રે સ્વર્ગમાં કર્યો નિવાસ,
તેનો શોક તજી શા થકી સંતોષ વાળવો?
જ્યોતિષ જહાજનો તે ભાંગી પડયો કુવા સ્થંભ,
ખરે ખરો ખેદ તેનો કેમ કરી ટાળવો?
પંડીતોના પારેખની પ્રૌઢ પેઢી ભાંગી પડી,
હવે કહો વ્યવહાર શી રીતે સંભાળવો?
દાખે મણીશંકર એ જ્ઞાતિ હિત વિદ્યા તણો,
કરાચીમાં હતો તે લુંટાઇ ગયો માળવો. ૨.
વિચારી વિચારીને વિસારી દઇએ વાત પણ,
વિસરતી નથી શું વિસારતાં વિસારીએ?
ધારી ધારી જોઇ ધારો ધરીએ ધીરજ પણ,
ધરતાં ધરાતી નથી ધીરજ શું ધારીએ?
ઠરવાનું ઠામ ગયું માટે કોઈ ઠામે મન,
ઠરતું નથી કયે ઠેકાણે ઠરી ઠારીએ?

એમ જ્ઞાતિ ગામ તણા સજ્જન કરે છે શોક,
મણી કહે કાવ્ય કરી કેટલું ઉચારીએ? ૩.

इन्द्रविजय छंद.

કોઇ તનુ તજવાર્થી થશે દુઃખી, આશ્રીત સ્વારથ સાધન આશી,
કોઇ તનુ તજવાર્થી થશે, વિરહાતુર વાસ સમીપ નિવાસી;
કોઇ તનુ તજવાર્થી થશે, નિજ નાત તણા નર નારી નિરાશી,
પંડિત ભુવનમિશ્ર જવા થકી આખી કરાચી થઇજ ઉદાસી. ૧.
જો જર માલનું જોખમ થાય, પમાય ઉપાય પુરો કરીને,
આખરૂં માન મહાન મીલે, ધન દાન દીધે ધીરતા ધરીને;
જ્ઞાની મળે ધનદાની મળે, અભિમાની મળે ભભકો ભરીને,
રત્ન હરેક અનેક મળે પણ, ભુવનમિશ્ર મળે ન ફરીને ૨.

શુકલની આશિષ.

वसंततिलका.

આહા ગુણાબ્ધિ નરના ગુણ સાંભરે છે;
આશિષ શુકલ પુરૂષોત્તમ એમ દે છે;
જ્યોતિર્વિષે ભુવનમિશ્ર ભળો જીવાત્મા,
આપો સદા સુખદ શાન્તિ પ્રભુ પરાત્મા. ૩.

विषम हरिगीत छंद.

જ્યોતિષ વિદ્યાનો સૂરજ આ વખત અસ્ત થયો હરિ,
તિન કાળના કળનારની કાળે દશા આ શું કરી;

ષીતળ¶ સ્વભાવે ભવન શર્મા સુત શ્રી તોલારામના,
ભૂમિ સિંધની શોભાવતા, પંડિત હતા એ કામના, ૪.
વસતા કરાચી શ્હેરમાં પણ, કીર્તિ કિર્ણો બહુ સ્થળે,
નર સરસ નાયક જ્ઞાતિનો, પુષ્કરણો એવો નહિ મળે;
મિલનસાર સ્વભાવનો, સદ્ગુણો હીરો આ દેશનો,
શ્રમ પૂર્ણ લઇ જ્ઞાતિ સુધારી, ભક્ત શ્રી પરમેશનો ૫.
તોટો ખરો એ નર તણો, વિદ્વાન એવો નહિ મળે,
લાયક વડો સહુ કામમાં, સંભારતાં અંતર બળે;
રાખવા નિજ નામને, પંચાંગ કીધું ચાલતું,
મનમાં પ્રભુનું સ્મરણ નિત, હરિચરણમાં ચિત મ્હાલતું. ૬.
નામના કરી પુરણ વધતી, પ્રેમથી સહુ ઠામમાં,
આત્મા અમર સુખ પામવા, ચાલ્યો ગયો પ્રભુ ધામમાં;
તન ત્યાગતાં પ્રભુ ધ્યાનમાં, વૃત્તિ લગાવી પ્રીતથી,
માહ્રા મોક્ષ પદ નિરવાણ પામ્યા, વિષ્ણુની ભક્તિ થકી ૭.
નેકી વડા ટેકી વડા, સજ્જનપણું ઉરમાં અતિ,
પ્રભુ શાંતિ તેના આતમાને આપજો દઇ સદ્ગતિ;
સુદેવના સહુ ધર્મ કર્મને, પ્રેમથી તે પાળતા,
શાંતિ અને સરલાઇથી ઘણી પ્રીત પ્રભુ પર રાખતા. ૮.

¶ શીતળ.

તિમિર ખસેડયાં કૈકનાં, નિઃશંક બોધ દઇ ઘણો,
આ ભવ્ય છબી સંભારતાં મન, શોક વધતો ચોગણો;
પોહોંચ્યા પ્રભુના ધામમાં જશ, રહી ગયો આ જગતમાં,
જીવન સફળ ધન ધન કર્યું, આ વિકટ કળીના વખતમાં. ૯.
જીવન વૃત્તાંત જરૂરનું ગણી, સ્વ મતિ સમ આ વર્ણવ્યું,
સ્વર્ગે સિધાવ્યા તે સમયના શોકનું વર્ણન કર્યું;
ભુલ ચુક કરજો માફ સજનો, હાથ જોડી વીનવું,
મતિમાન કવિ મોટો ન હું, કવિતા કરી શું રીઝવું.૧૦

દોહા.

વિશ્વનાથ સુત દ્વિજ હું, મણીશંકર મુજ નામ,
પ્રભુ પ્રેરીત બુદ્ધિ વડે, કરૂં કવિતાનું કામ. ૮.
ભૂલ ભરેલા સર્વ જન, ભૂલ વિણ છે જગદીશ;
સજ્જન ઉરે ન ધારશો, ભૂલ જોઈ કંઇ રીસ. ૯.
કવિતા કાન્તા તુલ્ય છે, જન મન રંજનકાર;
પણ લાયક નાયક વિના, કિમ્મત નથી થનાર. ૧૦.

ત્રોટક વૃત.

કવિતા રસ સાગર સર્વ કહે,
ગુણ ગ્રાહક પાત્ર પ્રમાણ ગૃહે;
મુજ બુદ્ધિ પ્રમાણ મળી મુજને,
સુણી દોષ નહિ ધરવો સુજને. ૧.

દોહા.

બાર જાતના છંદની ચમ્માલીશ કડી કીધ;
* × ÷ + † || ‡ § = // ¶ †
શા શી ભૂ ત્રો ના ઈ ગી; મા વ હ દો મન લીધ. ૧.
શી ભૂ ત્રો ના એક છે, મ વ ગી ત્રણ શા સાત;
મા ઈ બે દો દશ હ દશ. જાતી છે સાક્ષાત. ૨.
સંવત નગ રસ ભકિત ભુ, માઘ પૂર્ણિમા સાર;
તા દિન કવિતા પૂર્ણ થઇ, મણિશંકર રચનાર. ૩.

"શાર્દૂલવિક્રીડિત."

વંદો વિશ્વાધાર સાર જગના, યાચું પ્રભુ પાસ હું,
તુલારામ તનુજના જીવનને, શાન્તિ સદા આપ તું;
જ્યોતિષે જગમાં હતા બહુ છતા, નામે ભવન્દાસ જે,
પ્રગટાવ્યા જન પ્રેમ શુદ્ધ હૃદયે, આશિષ લીધી ખરે. ૧.
સડસઠ કેરી સાલ વાર ભ્રગુને, શુદી ખરી ચોથ જે,
મધ્યાહ્ને ધર્યું ધ્યાન જ્ઞાન હૃદયે. શાંન્તિ તણા ઇષ્ટ જે;
ભળીઆ બ્રહ્મ સ્વરૂપ શુકલ તિથિ જે, રૂડી વળી પંચમી,
ઉત્સવ ઘેરે ઘેર શ્રી પ્રભુ તણો, ખેલે ખરી ખંતથી. ૨.

* શાર્દૂલવિક્રીડિત. × શિખરિણી. ÷ ભુજંગી. + ત્રોટક. † નારાચ. || ઇંદ્રવિજય ‡ ગીતિ. § માલિનિ. = વસંતતિલકા. // હરિગીત. ¶ દોહરા † મનહર.

લાવણી.

("અટકે મટકે જાવું લડવા"—એ રાગ.)

શાબંદર શુભસ્થાન વાસથી, પ્રયાણ કીધાં પ્રેમ થકી,
સ્થિરતા કરી શુભ શે'ર વિષે આ, વર્ણ ચારનો ભાવ ધરી;
પિતા પ્રયાસે થયા સુભાગી, ધ્યાન જ્ઞાનમાં ખંત ધરી,
જ્યોતિષ ધારી નાગ જણાવા, દેશ ખ્યાત શું આશ સહી.

ઝૂલ.

વળી ત્રિકાળ સંધ્યા હોમ યજ્ઞ સૌ નિત્યે,
કરતા ઉર આણી પ્રેમ દ્વિજ સેં રીઝે;
સંવત્સર કુળનું પત્ર ચલાવ્યું ભારી,
જે ખગોળ શાસ્ત્રની કરી સદા બલિહારી.

કુળ વૃક્ષનું પોષણ પ્રિતે, કરતા ઉર અભિલાષ થકી,
પુષ્પ વાટિકા ખૂબ ખીલાવા, કરી પ્રેરણા હર્ષ તણી;
ગૃહસ્થાશ્રમ સેવી શુભ પેરે, વાનપ્રસ્થમાં ચિત્ત ધરી,
સેવ્યાં છત્રીશ વર્ષ હર્ષ શું; બ્રહ્મજ્ઞાનમાં ભાત પડી.

રચીયાં શુભ પુસ્તક જ્યોતિ શાસ્ત્રનાં ભારી,
ફેલાવી દેશ વિદેશ પ્રતિષ્ટા સારી;
નિર્વાહ ચલાવા આશ કુટુંબી ધારી,
જે ધીર વીરને જ્ઞાન તણી કૃતિ ન્યારી.

વર્ણ ચારમાં ખ્યાત મેળવી, શાસ્ત્ર તણા અભ્યાસ વડે,

સમાધાન મન ગમતાં પામી હર્ષ થકી જન દ્વાર વળે;
કનિષ્ટ બંધુ ડુંગરશીએ, ટેક નિભાવી ભ્રાતૃ તણી,
ખેમચંદ કલ્યાણુ ઇચ્છતા જન મંડળમાં ભાવ ધરી

અવસાન તણું જે ભાન જ્ઞાનથી જાણ્યું,
નિજ સગાં સહોદર જૂથ ધ્યાન ખેંચાણું;
દઇ દાન વિપ્રને માન હર્ષથી દીધાં,
ધરવા શ્રી પતિનું ધ્યાન યોગમાં સીધ્યા.

સૈક અઢારે નેવાસીમાં જન્મ, ધર્યો આ અવની શું,
વર્ષો વતન કરી દશ પુરાં સ્થિરતા કરી આ શુભ સ્થળમાં;
દઇ જીંદગી પૂર્ણ પ્રકાશી ભાગ્ય તણો આભાર સહે,
સહાય કુળ જેને શ્રી હરી તે ભવસાગરથી સ્હેજ તરે.

ગીતિ.

શ્રવણુ કરી કિરતિ જે, પુજ્ય તણી રસના થકી મેં પ્રીતે,
હેમનદાસ થકી તે, ગાઈ કવિતા ગૌરી સદા રીઝે.

તા. ૧૩-૨-૧૧.

લલિત.

અરર ઓ પ્રભુ શું હવે થશે! ભવનમિશ્ર ઊરેથી ના ખસે;
વિરહ તેમનો પીડશે ઘણો, ઉતમ સ્નેહ તેનો હતો ઘણો. ૧.
તનુજ તે તુલારામના ખરે, જનમિયા ભલા શાહુબંદરે;
૧૮૮૯
શુભ અઢારને એશી ભક્તિએ, સરસ માઘમાં ઊર જાણીએ. ૨.

સરસ જ્યોતિષી સિંધ દેશનો, ગુંમ સુતાં વધ્યો, ભર ઠેકાણે;
[૧૮૯૯] શુભ અઠારને નેવું નો ભલી, તવ બરાબોમાં આવીયા વળી. ૩.
પુરણ જ્યોતિષી જ્ઞાન મેળવ્યું, નિજની જાતિનું હિત સાચવ્યું;
સ્થલ કર્યુ ભલું બ્રહ્મ પોળનું, ખન કહું* કરી જ્ઞાતિ સર્વનું. ૪.

સંવત ઓગણી [૧૯૪૫] ચાલી પાંચમાં સરસ ટીપણું કીધું સાચમાં;
સરવ ગામમાં માન પામીયું, સરસ નામના માન જામીયું. ૫.

પતની નીજની સ્વર્ગ સંચરી, ઉનિસ [૧૯૩૧] એકતીશે ઘણું કરી;
નિજ સુધર્મને ઉરમાં ધરી, પતનિ વૃત્ત તો એક આચરી ૬.

ઉનિસ [૧૯૨૭] વીશને સાત સાલમાં, શહેર મુંબઇમાં ગયા હતા;
‖વટપુરા પતિ ત્યાં મલ્યા હતા સરસ માન તો ત્યાં મલ્યાં હતાં.૭.

જગપતિ પરે પ્રીતિ બૌ હતી, સરસ નામના ગામમાં છતી;
સરવ જ્ઞાતિના સ્થંભ તે હતા, નિજ કુટુંબને ઢાંકતા હતા.૮.

નિજનું મૃત્યુ તો જા દિને હતું તરત સર્વને તો કહ્યું હતું;
વસમી છે મને માઘ પંચમી જગત તા દિને તો જશે શમી.૯.

કુલહ જાતિનો સૌ મટાડીઓ, સુલહ સંપ અંકૂર સ્થાપીઓ;
ચતુરથી દિને ધ્યાન તો ધર્યું, જગપતિ તણું સ્મરણુ આદર્યું.૧૦.

અવર ચોવિશે તન્ન તો તજ્યું, પરમ જ્યોતિમાં તે જઇ ભલ્યું;
ભર ભલામણો પુત્રને કરી, કિરતિ જાળવો સંપ આદરી. ૧૧.

કલહ જાતિમાં તો કરો નહિ, નિજની આબરૂ સાચવો સહી;

---

* એકઠું. ‖ વડોદરાના રાજા.

મગ રસે અને ભક્તિ ભૂ ભજી તન તજી ગયા માઘ પંચમી.૧૨.
પ્રભુ તણા ખરા ધામમાં ગયા, વિરહ દુઃખીયા સજ્જનો થયા;
નગરે સર્વમાં શોક તો થયો, ભવનમિશ્ર તો સ્વર્ગમાં ગયો.૧૩.
પરમ વિષ્ણુનો ભક્ત તે હતો, કિરતિવંત ને જ્યોતિષી છતો;
જગત નાતમાં કીર્તિ મેલવી, કુટુંબ જ્ઞાતિને સારી કેળવી.૧૪.
અજર આતમા દિવ્ય જ્યોતિમાં મલિ ગયો ખરે નીજ જોતિમાં
પરમ આત્મના જ્ઞાની તે હતા, શમ દમાદિ ગુણો હતા ઘણા.૧૫.
કથન શું ઘણાં મિષ્ટ તો હતાં, સરવને ભલો બોધ આપતા;
વળિ ખજાનચી સ્કુલ જ્ઞાતિના, વચન તેમનાં મિષ્ટ મૂલનાં.૧૬.
અરર કાલ તેં શું બુરૂં કર્યું, રતન તેં અમારૂં ભલું હર્યું;
ઉરર્થી આ મણીશંકરે કથી, નિજ મતિ અનુસાર કીરતી.૧૭.

સમાપ્ત.